# બનાસ ડેરી અને ગલબાભાઈ નાનજીભાઈ પટેલ
# ચેરીટેબલ ટ્રસ્ટ,પાલનપુર

બનાસ ડેરી, પો.બો.૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

બનાસ/જી.એન.પી.સી.ટી /જળસંચય/ તા:- ૦૧/૦૩/૨૦૨૧

**ટેન્ડર નોટીસ**

બનાસકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી. બનાસ ડેરી અને ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ,પાલનપુર દ્વારા જન ભાગીદારીથી બૃહદ બનાસકાંઠા જિલ્લામાં જળ શક્તિ અભિયાન અંતર્ગત નક્કી કરેલ સ્થળો/સાઈટો ઉપર માટી ખોદકામ કરવા અર્થ મુવીંગ ઇક્વિપમેન્ટ્સ જેવા કે પોકલેન્ડ (હિટાચી અથવા સમકક્ષ),એક્સકેવેટર (જેસીબી અથવા સમકક્ષ) અને લોડર ધરાવતા સક્ષમ ઇજારદારોએ બનાસ ડેરીના આરોગ્ય કેન્દ્ર ખાતેથી ટેન્ડર ફી પેટે રૂ/. ૫૦૦/- (નોન રીફંડેબલ) ભરી ટેન્ડર કોપી મેળવી, ભરેલ ટેન્ડર કોપી સાથે રૂ. ૨૦,૦૦૦/-(રૂપિયા વીસ હજાર પુરા)નો ડિમાન્ડ ડ્રાફ્ટ સીલબંધ કવર સાથે તા.૧૦/૦૩/૨૦૨૧ ના ૪.૦૦ કલાક સુધીમાં આરોગ્ય કેન્દ્રમા જમા કરાવવાનું રહેશે. ટેન્ડર મંજૂર અથવા નામંજૂર કરવાનો અધિકાર બનાસ ડેરીના ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર /ટ્રસ્ટના માનદ મુખ્ય કાર્યકારી અધિકારીનો રહેશે. કામ કરવાની લાયકાત અને શરતો વેબ સાઈટ WWW.BANASDAIRY.COOP ઉપર મૂકવામાં આવેલ છે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર<br>બનાસ ડેરી, પાલનપુર

માનદ મુખ્ય કાર્યકારી અધિકારી<br>જી.એન.પી.સી.ટી- પાલનપુર

બનાસ/જી.એન.પી.સી.ટી /જળસંચય/ તા:- ૦૧/૦૩/૨૦૨૧

## <u>ટેન્ડર</u>

**<u>કામનું ટૂંકું વર્ણન</u>:-** બનાસકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી. બનાસડેરી અને ગલબાભાઈ નાંનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, પાલનપુર દ્વારા જન ભાગીદારીથી બૃહદ બનાસકાંઠા જિલ્લામાં જળશક્તિ સંચય અભિયાન અંતર્ગત આ સાથે જોડેલ બીડાણ મુજબના સ્થળોએ તથા બનાસ ડેરી/ટ્રસ્ટ દ્વારા નક્કી કરવામાં આવનાર બીજા અન્ય સ્થળોએ માટી ખોદકામ કરી સાધનોમાં ભરી આપવાનું રહેશે.

નક્કી કરેલ સ્થળ/સાઇટ ઉપર પોતાની માલિકી અથવા/અને ભાડાના અર્થ મુવીંગ ઇક્વિપમેન્ટ્સ જેવા કે પોકલેન (હિટાચી અથવા સમકક્ષ), એક્સકેવેટર (જેસીબી અથવા સમકક્ષ) અને લોડર ધરાવતા સક્ષમ ઇજારદારોએ દર્શાવેલ સ્થળ/સાઇટ ઉપર સૂચના અનુસારની દરેક પ્રકારની માટી/ સોફ્ટ મોરમ વગેરે જરૂરી મશીનરી દ્વારા ખોદાણ-કામ કરી, ડેરી/ટ્રસ્ટ દ્વારા નક્કી કરેલ સાધનોમાં ભરી આપવાની રહેશે.

- **<u>કામનો અંદાજીત જથ્થો</u> :** ૨૬૦ કલાક/માસ
- **<u>કામપૂર્ણ કરવાની સમય મર્યાદા</u>:-** બૃહદ બનાસકાંઠામા બનાસ ડેરી અને જી.એન.પી.સી.ટી દ્વારા નક્કી કરેલ સ્થળોએ ટેન્ડર મંજુર થયેથી દિન ૭(સાત)માં કામ શરૂ કરવાનું રહેશે. સદર કામનો ઓર્ડર મળ્યેથી કામના પ્રમાણમાં બનાસ ડેરી/જી.એન.પી.સી.ટી દ્વારા નિયત કરેલ સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવાનું રહેશે.

**૧. <u>કામ કરવાની લાયકાત</u> :-** આ પ્રકારના કામ માટે અર્થ મુવીંગ ઇક્વિપમેન્ટ્સ જેવા કે પોકલેન (હિટાચી અથવા સમકક્ષ), એક્સકેવેટર (જેસીબી અથવા સમકક્ષ) અને લોડર ઇજારદાર પાસે પોતાની માલિકી અથવા/અને ભાડા કરાર ઉપર હોવી જોઈએ. મશીનરી પોતાની માલિકીની/ભાડા કરાર ઉપર હોય તેની પૂરી વિગત સાથેનું બાહેંધરી પત્ર આપવાનું રહેશે.

**૨. <u>કામ બાબતની શરતો</u> :-**

(૧) ટેન્ડર સાથે જમા કરાવેલ ડીમાન્ડ ડ્રાફ્ટ, ભાવ મંજુર થયેલ ઇજારદાર સિવાયના ઇજારદારને પરત કરવામાં આવશે. **મંજુર થયેલ ઇજારદારને કામ પૂર્ણ થયે આ રકમ પરત કરવામાં આવશે.**

(૨) બનાસકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી. બનાસડેરી અને જી.એન.પી.સી.ટી દ્વારા નક્કી કરેલ જગ્યાએ જ કામ કરવાનું રહેશે. તે સિવાય અન્ય કોઈ પણ જગ્યાએ ખોદેલ માટીનો ઉપયોગ બનાસ ડેરી/ટ્રસ્ટના સુચન પ્રમાણે કરવાનું રહેશે.

(૩) ભાવ, લાગું પડતા ટેક્ષ સાથેના આપવાના રહેશે. ઇજારદારે ભાવ ભરતી વખતે સદર બાબતને ધ્યાનમાં લેવી. જી.એન.પી.સી.ટી દ્વારા, નિયમાનુસાર કાપીને બીલનુ ચુકવણું કરવામાં આવશે.

(૪) સદર કામ સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું રેહશે, જો કામ પૂર્ણ થવામાં વિલંબ થશે તો કરેલ કામનુ પેમેન્ટ બનાસ ડેરી/જી.એન.પી.સી.ટી દ્વારા અટકાવામાં આવશે તથા પેમેન્ટની શરતો મુજબ ચુકવવા પાત્ર રકમ નાં ૧૦% રકમ જપ્ત કરી, કામ અન્ય ઇજારદારશ્રી પાસે કોન્ટ્રાક્ટરના ખર્ચે અને જોખમે  કરાવવા માટે બનાસ ડેરી/જી.એન.પી.સી.ટી.ને અધિકાર અબાધિત રેહશે.

(૫) અનિવાર્ય સંજોગોમાં સદર કામ દરમ્યાન કોઈપણ જાત નો પ્રશ્ન ઉપસ્થિત  થાય તો ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર, બનાસ ડેરી/ માનદ મુખ્ય કાર્યકારી અધિકારી, જી.એન.પી.સી.ટી દ્વારા લીધેલ નિર્ણય અંતિમ ગણાશે તેમજ સદર બાબતે  કોઈપણ પ્રકારનો વિવાદ ઉભો  થશે તો તે માટેનું ન્યાયનું કાર્યક્ષેત્ર પાલનપુર રહેશે.

(૬) જળશક્તિ સંચય અભિયાન અંતર્ગત ટ્રસ્ટ દ્વારા નક્કી કરવામાં આવેલ સ્થળોએ બનાસ ડેરી/ ટ્રસ્ટ દ્વારા મંજુર કરેલ ભાવો મુજબ ઇજારદારે અન્ય સાઈટો ઉપર પણ કામ કરી આપવાનું રહેશે.

(૭) ઇજારદારશ્રીએ પોતાની માલિકીની સાધન સામગ્રી હોય તો તેના રજીસ્ટ્રેશન(નોધણી)ના પુરાવાની નકલ જોડવાની રહેશે. જો ભાડેથી સાધન સામગ્રી લીધેલ હોય તો તેના ભાડા કરાર સાથે જોડવાના રહેશે.

3. **<u>પેમેન્ટ ચુકવણાની રીત</u>:-** ઇજારદારશ્રીએ અગાઉના મહિનામાં કરેલ કામનું બીલ તા.૧ થી ૫ સુધીમાં બનાસ ડેરી/ટ્રસ્ટમા જમા કરવાનું રહેશે. બનાસ ડેરી/ટ્રસ્ટ દ્વારા સદર બીલની ચકાસણી કરી તેનું ચૂકવણું તા.૧૦ થી ૧૫ સુધીમાં કરવામાં આવશે. સદર ચુકવણું ચેક/આરટીજીએસ/એનઈએફટી દ્વારા કરવામાં આવશે.
૪. **ટેન્ડરની શરતોમાં જો સુધારા વધારા કરવાની જરૂર જણાય તો તેની સંપૂર્ણ સત્તા** ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર, બનાસ ડેરી/ માનદ મુખ્ય કાર્યકારી અધિકારી, જી.એન.પી.સી.ટી ની રહેશે.
૫. ઇજારદારે સંપૂર્ણ સલામતીથી કામ કરવાનું રહેશે. છતાં પણ કોઈ આકસ્મિક બનાવ બને તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી ઇજારદારની રહેશે.